GJJN080017832025

ફોજદારી કેસ નં. ૧૨૨૩/૨૦૨૫

કેશોદ ના મ્હે.શ્રી ટી.એમ.શ્રીમાળી સાહેબ,
એડિ. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટ માં

-// આંક-૧ તળે હુકમ //-

(૧)....હાલના કામના **આરોપી રાકેશ કાંતીભાઈ પરમાર, રહે. પંચાળા વાળા ની** સામે **ધી બોમ્બે પ્રોહીબીશન એકટ ની કલમ ૬૬(૧)(બી)** હેઠળની ફરિયાદ કરવામાં આવેલ તથા તેની સામે પોલીસ ધ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨)....આરોપી કોર્ટમાં હાજર થઈ, સ્વૈચ્છીક કબુલાત આપવાનું કહેતા હોય, અને આરોપીની કબુલાત સ્વીકારી, કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું જાહેર કરે છે.

(૩)....આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળવા અરજ કરેલ છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છીક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવુ કૃત્ય નહીં કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

**હાલના કેસમાં કોર્ટ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯, ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

-// આખરી હુકમ //-

હાલના કેસના **આરોપી રાકેશ કાંતીભાઈ પરમાર, રહે. પંચાળા વાળાને** બી. એન. એસ. એસ.ની કલમ ૨૭૫ હેઠળ ધી બોમ્બે પ્રોહીબીશન એકટ ની **કલમ ૬૬(૧) (બી)** હેઠળ **રૂા. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)** દંડનો હુકમ કરવામાં આવે છે અને આરોપી જો દંડની રકમ ના ભરે તો દિન-૨(બે)ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

પતા/દારૂ/નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો. રોકડ/ વેલ્યુએબલ મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવો. વાહન/મોબાઈલનો વચગાળાના હુકમ થયા હોય તો એ હુકમ કાયમ રાખવો અને ન થયો હોય તો માલિકીની ખરાઈ કરીને પરત આપવો તથા આરોપીના બેઈલ બોન્ડ રદ્દ ગણવા તેમજ રોકડ જામીનગીરી અથવા જામીનદારે ભરેલ પેનલ્ટી સરકાર ખાતે ખાલસા કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજ તા. **૧૪મી** માહે **: માર્ચ** સને: **૨૦૨૬** ના રોજ ખુલ્લી લોક અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
મુ.જૂનાગઢ.

**(તરુણ મોહનદાસ શ્રીમાળી)**
એડિ. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
કેશોદ(GJ-01306)